# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


જા.ન./પગારડેટા/ઓક્ટોમ્બર/૨૦૨૪/ 14083 તા. ૦૧/૧૦/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળાઓ
સુરત, જિલ્લો-સુરત

વિષય :- માહે ઓક્ટોબર -૨૦૨૪ પેઈડ ઇન નવેમ્બર -૨૦૨૪ માટે પગાર ડેટા વિગતો રજૂ કરવા બાબત.

સંદર્ભ :- ૧. શિક્ષણ વિભાગનાં તા.૨૨/૦૧/૨૦૨૪નાં ઠરાવ અન્વયે કમિશનરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગરનાં તા.૨૩/૦૧/૨૦૨૪નો પત્ર.
૨. હિસાબી અધિકારી, કમિશ્નર શાળાઓની કચેરી,ગાંધીનગરનાં તા.૩૦/૦૩/૨૦૨૪નો પત્ર ક્રમાંક : હસબ/પગાર/૨૦૨૪/૮૪૪-૮૭૭.
૩. કમિશનર શાળાઓનીકચેરી, ગાંધીનગરનાં તા.૦૪/૦૭/૨૦૨૪નાં પત્ર ક્રમાંક : ઘ/માધ્ય/અ.૧/૨૦૨૪/૬૦૦૮-૭૭

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેની કચેરીનાં નિયંત્રણ હેઠળની ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/પ્રાયોગિક શાળા/સંસ્કૃત પાઠશાળાઓના કર્મચારીઓના માહે ઓક્ટોમ્બર-૨૦૨૪ પેઈડ ઇન નવેમ્બર-૨૦૨૪નાં પગાર ડેટા નીચે મુજબ સમય/તારીખ અને સ્થળે સ્વીકારવામાં આવશે તે મુજબ સમયમર્યાદામાં પગારનાં ડેટા બિનચૂક રજૂ કરવા આથી જણાવવામાં આવે છે.

| ક્રમ | તારીખ | શાળા નંબર | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૧ | ૦૩/૧૦/૨૦૨૪ | ૧ થી ૧૧૨ તથા ૨૪૯,૨૫૦,૨૫૧,૨૫૪,૨૫૬, ૨૫૮, ૩૦૧ | ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૪-૦૦ સુધી |
| ૨ | ૦૪/૧૦/૨૦૨૪ | ૧૧૩ થી ૨૨૯ તથા ૨૫૨,૨૫૭,૨૬૧,૨૭૩ | જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત | સવારે ૧૧-૦૦ થી ૦૪-૦૦ સુધી |

## <u>પગાર ડેટા રજૂ કરતી વખતે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે</u>

- નવા સી.પી.એફ. નંબર મળેલ હોય તેની કપાત શરૂ કરતા પહેલા સી.પી.એફ. નંબરનું મેપીંગ થયેલ છે કે કેમ? તથા સી.પી.એફ. નંબર એક્ટીવ થયેલ છે કે કેમ ? PRAN કીટ નંબર આવેલ છે કે કેમ ? ચેક કરાવ્યા બાદ જ જરૂરી આધારો સાથે RT FORM-1 ડેટાપત્રક રજૂ કરવાનું રહેશે.
- પગાર ડેટા શાળાનાં પગાર સબંધિત કામગીરી સંભાળતા કર્મચારી દ્વારા જ રજૂ કરવાનાં રહેશે અથવા શાળાનાં આચાર્યશ્રી દ્વારા રજૂ કરવાનાં રહેશે. સબંધિત કામગીરી કરતા કર્મચારી/આચાર્યશ્રી શાળામાં ન હોય તો પગાર ડેટા રજૂ કરવા માટે મોકલવામાં આવતાં કર્મચારીને સદર કામગીરી માટે ઓથોરીટી લેટર આપી મોકલવાનાં રહેશે. પગાર

સબંધિત કામગીરી ન સંભાળતા કર્મચારી દ્વારા ડેટા રજૂ કરવામાં આવશે તો ડેટા સ્વીકારવામાં આવશે નહિ. જેની શાળાનાં આચાર્યશ્રીએ નોંધ લેવી.

- શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં દરેક પત્રકો પર શાળા કોમ્પ્યુટર કોડનાં સિક્કા અવશ્ય કરવા.
- શાળા દ્વારા રજૂ કરવામાં આવતાં પગાર ડેટાનાં પત્રકોમાં એમ્પ્લોય નંબર, બજેટ કોડ, ડેટા ટાઇપ, કંપની કોડ વગેરે ચોકસાઈપુર્વક અને ક્ષતિરહિત ભરવાનાં રહેશે. તેમજ એક કરતા વધુ કર્મચારી હોય તો ચઢતા ક્રમમાં કર્મચારીની વિગતો આપવાની રહેશે. જેની નોંધ લેશો.

હિસાબી અધિકારી (વર્ગ-૨)
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
સુરત,જિલ્લો-સુરત

નકલ રવાના : જાણ તથા જરૂરી વ્યવસ્થા કરવા સારુ.

૧. આચાર્યશ્રી, ટી એન્ડ ટી વી સાર્વજનિક હાઈસ્કૂલ,નાનપુરા,સુરત
૨. આચાર્યશ્રી, જે.એમ.પટેલ હાઈસ્કૂલ, બારડોલી, સુરત